# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) **રાજ્યના પોલીસ વડાએ આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા નિર્દેશ કર્યો**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકાર તમામ વર્ગોની ઉન્નતિ માટે મક્કમ છે**
3) **કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે ગ્રાહકોને GSTવાળું બિલ લેવા તેમજ ભારતીય માનક બ્યુરો દ્વારા માન્ય વસ્તુ ખરીદવા અપીલ કરી**
4) **તારીખ 22 માર્ચનાં રોજ જાહેર રજાના દિવસે રાજ્યની તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રહેશે**
5) **હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણની આગાહી કરી**

.............................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ANTI SOCIAL ELEMENTS LIST IN 100 DAYS

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સુચના આપવામાં આવી છે.

આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે તાકીદની બેઠકમાં શ્રી સહાયે, ખંડણી, મારપીટ, ધાક-ધમકી, મિલકત સામેના ગુનાઓ, દારૂ-જુગારનો ગેરકાયદેસર ધંધો કરનારા તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તત્વો ઉપરાંત જનતામાં ભય ફેલાવનારા તત્વોને આ યાદીમાં સમાવવા આદેશ આપ્યો છે.

આ અંગે શ્રી વિકાસ સહાયે વધુ માહિતી આપી..

**(BYTE : VIKAS SAHAY, DGP)**

# CM PRIVATE TV CHANNEL CONCLAVE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કેસ રાજ્ય સરકાર તમામ વર્ગોની ઉન્નતિ માટે મક્કમ છે અને દીકરીઓના શિક્ષણ માટે નમો લક્ષ્મી, નમો સરસ્વતી યોજના નિર્ણાયક સાબિત થઈ છે.

એક ખાનગી ગુજરાતી ચેનલ દ્વારા આયોજિત સંમેલનનુ ઉદઘાટન કરતા શ્રી પટેલે જણાવ્યું કે, ગુજરાતે નીતિ આધારિત રાજ્ય તરીકે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી છે.

આ પ્રસંગે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે સંમેલનમાં આયોજિત ચર્ચાસત્રમાં ભાગ લીધો હતો.

# CM brahman business meet

દરમિયાન, મુખ્યમંત્રીએ આજે અમદાવાદના સાયન્સ સિટીમાં મેગા બ્રાહ્મણ બિઝનેસ મીટની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્રણ દિવસની આ બિઝનેસ મીટમાં યુવાનો માટે રોજગાર મેળાનું તથા બીટુબી અને બીટુસી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# RAJKOT FIRE

રાજકોટના એટલાન્ટિસ નામના એપાર્ટમેન્ટમાં ગઈ કાલે લાગેલી આગમાં ત્રણ વ્યક્તિના મૃત્યુ થયા હતા. ફાયર બ્રિગેડ અને અને પોલીસના જવાનોએ ઘટના સ્થળે પહોંચીને 50 જેટલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

આ અંગે રાજકોટના એસીપી બી આર ચૌધરીએ વધુ માહિતી આપી.

**(BYTE: ACP B R CHAUDHARY)**

# BANAS KAMALAM LOKARPAN

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે આજે બનાસકાંઠાના જિલ્લા કાર્યાલય “બનાસ કમલમ” નુ લોકાર્પણ કર્યું. આ તકે, મંત્રી શ્રી પાટીલે જણાવ્યું કે, ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યમાં પણ જિલ્લા લેવલે પાર્ટીના પોતાના કાર્યાલય બને તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, અને આ નવીન કાર્યાલયો થકી જિલ્લાના કાર્યકર્તાઓને કામમાં ખૂબ જ સરળતા રહેશે.

વધુમાં શ્રી પાટીલે જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં જુના કુવાઓ અને બોર રિચાર્જના કાર્યો ખૂબ જ ઝડપ થઈ રહ્યા છે, ત્યારે જિલ્લાના કાર્યકર્તાઓને લોક ભાગીદારી થકી નવીન કાર્યાલય અને જળસંચયના કામો કરવા બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો.

# WORLD CONSUMER RIGHTS DAY

આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ વિડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી વેબિનારને સંબોધતા જણાવ્યું કે, કેન્દ્ર સરકારે ગ્રાહકોને વધુ અધિકાર સંપન્ન બનાવવા માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થામાં સુધારો કરીને તેને વધુ અસરકારક બનાવી છે.

તેમણે કહ્યું કે ઇ-કોમર્સ ક્ષેત્રે અયોગ્ય વેપાર પદ્ધતિઓ સામે ગ્રાહકોને પૂરતું રક્ષણ આપવા માટે સરકારે ઇ-કોમર્સ ગ્રાહક સુરક્ષા ધારામાં કરેલા સુધારાઓ ઉપયોગી થયા છે.

વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી વિસનગર ખાતે યોજવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે ગ્રાહકોને તેમના અધિકાર મેળવવા માટે GSTવાળું બિલ લેવા તેમજ ભારતીય માનક બ્યુરો દ્વારા માન્ય વસ્તુ ખરીદવા આગ્રહ રાખવા અપીલ કરી હતી.

(BYTE: RISHIKESH PATEL)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SUB REGISTRAR OFFICE OPEN

તારીખ 22 માર્ચનાં રોજ જાહેર રજાના દિવસે રાજ્યની તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં  દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવામા આવશે. એક યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોવાથી આ નિર્ણય લેવાયો છે.

આ અંતર્ગત શનિવાર, 22 માર્ચનાં રોજ રાજ્યની તમામ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં નિયમિત દિવસના જેમ જ ઓનલાઈન એપોઇન્ટમેન્ટ મેળવીને દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

# WEATHER

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી સાત દિવસ રાજ્યમાં શુષ્ક વાતાવરણ જોવા મળશે. આગામી પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે અને તેમાં ઘટતો દર જોવા મળશે.

છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન 39.3 ડિગ્રી અને ગાંધીનગરમાં 39.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

હવાની દિશા પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ તરફની છે. રાજ્યમાં રાત્રિનું તાપમાન સામાન્યથી થોડું વધારે નોંધાયું છે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રેય યાદવે વધુ માહિતી આપી.

(BYTE: RAMASHREY YADAV)

# VIPUL GOYAL HISAR AIRPORT

હરિયાણાના હિસારથી ટૂંક સમયમાં અમદાવાદની ફ્લાઇટ શરૂ કરવામાં આવશે. આ માટે ભારતીય વિમાનમથક સત્તામંડળ દ્વારા મંજુરી આપવામાં આવી છે. હરિયાણાના નાગરિક ઉડ્ડયન મંત્રી વિપુલ ગોયલે જણાવ્યું હતું કે હિસારથી અમદાવાદ, અયોધ્યા, જયપુર, અને દિલ્હીના ઉડ્ડયનો શરૂ કરાશે.

ઉલ્લેખનીય છે કે હરિયાણા સરકારે હિસાર વિમાનમથક માટે 503 કરોડ રૂપિયાના ખર્ચે  પેસેન્જર ટર્મિનલ બાંધવાની કામગીરી હાથ ધરી છે.

# HEERASAR AIRPORT FLIGHTS

રાજકોટનાં હીરાસર એરપોર્ટથી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ શરૂ કરવાની તેમજ ડોમેસ્ટિક ફ્લાઇટ સેવાઓમાં વધારો કરવા નાગરિક ઉડ્ડયન મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ નાગરિક ઉડ્ડિયન મંત્રી કે રામ મોહન નાયડુ સાથે નવી દિલ્હીમાં મુલાકાત કરીને સમગ્ર સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે રાજકોટના હિરાસર એરપોર્ટ માટે ઉડ્ડયન સંબંધિત સમસ્યાઓની ચર્ચા કરી હતી.

# UCC COMMITTEE

નવસારી જિલ્લા ખાતે રાજ્યમાં સમાન સિવિલ કોડ અમલીકરણ અંતર્ગત નાગરિકોના સૂચનો અને અભિપ્રાયો જાણવા માટે આજે બેઠક યોજાઈ. જેમાં ઉપસ્થિત સભ્યોએ નવસારી જિલ્લાના વિવિધ નિષ્ણાંતો પાસેથી સમાજમાં ચાલી રહેલા લગ્ન, છુટાછેડા, ભરણપોષણ અને લિવ ઇન રિલેશનશિપની નોંધણી બાબતે મંતવ્યો મેળવ્યા હતા.

આગામી 24 માર્ચના રોજ અથવા તે પહેલા ગુજરાતના રહેવાસીઓ અને વિવિધ અગ્રણી જૂથોને મહત્વપૂર્ણ વિષયોનું મૂલ્યાંકન કરવા માટે સમાન સિવિલ કોડ સમિતિની વેબસાઈટ અથવા વેબ પોર્ટલ અથવા ગાંધીનગર સ્થિત કચેરીએ ટપાલ દ્વારા પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કરવા અપીલ કરી છે.

# DISTRICT GRIEVANCE MEETING

રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રને વધુ જવાબદાર અને પારદર્શી બનાવવા હેતુથી આજે અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, ગોધરા, સુરત અને મહીસાગર જિલ્લાઓમાં જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક મળી હતી, જેમાં લોકોને સ્પર્શતા વિષયો જેવાં કે પડતર અરજીઓના નિકાલ, આરોગ્ય વિષયક સુવિધાઓ, શાળાના નવા ઓરડાના બાંધકામ તેમજ સ્વામિત્વ યોજનાના અસરકારક અમલીકરણ, હિટવેવ માટે તકેદારીના પગલાઓ, કચેરીઓમાં સવારે અને સાંજે કામકાજી સમય વધારવા, પાણી તથા બેઠકની વ્યવસ્થા અને પ્રી-મોન્સુન કામગીરીના આગોતરા આયોજન જેવી વિવિધ બાબતો અંગે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, વિધાનસભાનું સત્ર ચાલતું હોવાના કારણે મોરબી જિલ્લામાં આગામી 29 માર્ચના રોજ જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાશે.